# ૨.૮ મોક્ષનું સ્વરૂપ

જૈન દર્શનમાં જે નવ તત્ત્વોની વિચારણા થઈ છે એમાં મોક્ષને નવ તત્ત્વો પૈકીનું એક તત્ત્વ ગણવામાં આવ્યું છે. આત્મા માટેનું એ પરમ અને ચરમ લક્ષ્ય છે. અને સર્વોત્તમ માર્ગ પણ છે.

અનાદિકાળથી ભવપરિભ્રમણ કરતા જીવને કર્મમળનો સંબંધ છે. આત્માના સહજગુણ સ્વરૂપ સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્રના સમન્વય દ્વારા પરમ પુરુષાર્થને પ્રગટાવીને આત્માને લાગેલા આ કર્મમલનો સંપૂર્ણપણે ક્ષય કરીને આ મોક્ષનું સ્વરૂપ સિદ્ધ કરી શકાય છે.

દેહી જીવને દેહ સાથે ઈંદ્રિય, આયુષ્, ત્રણ વેદ, કષાયાદિસંગ, અજ્ઞાન, પુણ્ય-પાપ, વર્ણ-ગંધ-રસ-સ્પર્શ, પુનર્જન્મગ્રહણ આદિ વળગણો લાગેલાં છે. તે સર્વ સહિત દેહાદિનો આત્માથી સર્વ પ્રકારે સ્થાયી વિયોગ તે મોક્ષ છે.

એક વખત સંપૂર્ણ કર્મક્ષય થયા પછી આત્માને ફરીવાર કર્મબંધ લાગતો નથી. એટલે કે મોક્ષપ્રાપ્તિ પછી ચેતનનું સંસારમાં પુનઃ અવતરણ થતું નથી, જીવનો કોઈ પુનર્જન્મ નથી. જીવ મોક્ષમાં અનંત આત્માનંદમાં રમણા કરે છે. મુક્તાત્માનું જીવન અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય અને અનંતસુખરૂપ હોય છે.

દેહાધ્યાસને લઈને આપણને આત્મા દેહ જેવો ભાસે છે. પરંતુ મ્યાનમાં રહેલી તલવાર જેમ મ્યાનથી અલગ છે તેમ આત્મા દેહથી ભિન્ન છે. દેહ, ઈન્દ્રિયો કે શ્વાસોચ્છ્વાસ ભલે આત્માને જાણી શકતા નથી, પરંતુ તે સૌ આત્માની સત્તાપૂર્વક પ્રવર્તે છે. જો આત્માની સત્તા ન હોય તો દેહાદિ સર્વ જડ પણે પડયાં જ રહે. આવી જેની અસાધારણતા તે 'આત્મા' છે. આ આત્મા જ કર્મનો કર્તા અને ભોક્તા છે. જેમ શુભાશુભ કર્મ કરવાથી એનાં સારાંનરસાં ફળ ભોગવાય છે (દા.ત. દેવગતિ કે નરકગતિ), એ જ રીતે કર્મની નિવૃત્તિ કરવાથી તે નિવૃત્તિ પણ અફળ રહેતી નથી. આ કર્મનિવૃત્તિ તે જ મોક્ષ છે.

શુભાશુભ કર્મ પ્રત્યેની જીવની આસક્તિને લઈને કર્મસંયોગ થાય છે, તેમ કર્મ પ્રત્યે ઉદાસીન થવાથી કર્મફળ છેદાય છે અને જીવનું શુદ્ધ સ્વરૂપ - મોક્ષસ્વભાવ પ્રગટ થાય છે.

મોક્ષ એ આત્માની ઉત્કૃષ્ટ અવસ્થા છે, કર્મનાં સર્વ બંધનોમાંથી આત્માની સંપૂર્ણ મુક્તિ છે. આવો મોક્ષ ભવ્ય જીવોની અંતિમ ઉપલબ્ધિ છે.

જ્ઞાનાવરણીય આદિ કર્મો અનંત પ્રકારના છે. તેને જૈન દર્શન અનુસાર આઠ પ્રકારોમાં વહેંચવામાં આવ્યા છે. એમાં મુખ્ય મોહનીય કર્મ છે. દર્શન મોહનીય કર્મ આત્માનું ખરું ભાન થવા દેતું નથી અને ચારિત્ર મોહનીય કર્મ વીતરાગપણું પામવા દેતું નથી. પરંતુ દશપૂર્વધર ઉમાસ્વાતિજીએ 'તત્ત્વાર્થાધિગમ' સૂત્રમાં 'સમ્યગ્-દર્શનજ્ઞાનચારિત્રાણિ મોક્ષ માર્ગ:' એમ જે કહ્યું છે તે પ્રમાણે સમ્યગ્ દર્શન, સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ ચારિત્રની રત્નત્રયી પ્રગટાવી ને શુદ્ધ મોક્ષસ્વરૂપને પાકી શકાય છે.

jainuniversity.org

# સિદ્ધલોક (મુક્તજીવો)

સિદ્ધ કોણ? : જે સર્વથા કર્મથી મુક્ત છે તે સિદ્ધ છે. જે જીવનાં આઠ કર્મો સંપૂર્ણ પણે નાશ થઈ, જેનામાં અષ્ટ મહાગુણ પ્રગટ છે તે સિદ્ધ છે. જે જીવોને હવે સંસારમાં પુન:જન્મ–મરણ નથી, આદિ – અનંત અનંતકાળ સુધી કેવળ સ્વરૂપસ્થ રહેવાના છે: તે મુક્તજીવો ઉપદ્રવ રહિત છે, રોગ–શોક રહિત છે, અચળ છે, અક્ષય સ્થિતિવાળા છે, અશરીરી છે, લોકાગ્રે રહેલા છે.

| સકર્મ અવસ્થાના આઠ દોષો | સ્વભાવદશાના આઠ ગુણો |
|---|---|
| જ્ઞાનાવરણીય કર્મ | અનંતજ્ઞાન |
| દર્શનાવરણીય કર્મ | અનંત દર્શન |
| મોહનીય કર્મ | અનંત ચારિત્ર (વીતરાગતા) |
| અંતરાય કર્મ | અનંત લબ્ધિ |
| વેદનીય કર્મ | અનંત અવ્યાબાધ સુખ |
| નામ કર્મ | અરૂપીપણું |
| ગોત્ર કર્મ | અગુરુ–લઘુ ગુણ |
| આયુષ્ય કર્મ | અક્ષય સ્થિતિ |

સિદ્ધ એટલે મુક્ત. મુક્ત એટલે પૂર્ણ. જે જીવો સિદ્ધ, મુક્ત અને પૂર્ણ છે તેમને માટે ભેદ કે પ્રકારો કેમ હોય? છતાં સાધક જિજ્ઞાસુ જીવો સિદ્ધદશાનું માહાત્મ્ય સમજી શકે તે માટે મુક્ત થવાની યોગ્યતાનાં લક્ષણની સિદ્ધ જીવોનું વર્ણન કહ્યું છે; કારણ કે મુક્ત થતા જીવોને અંતિમ અવસ્થાની છાપ પડે. દા.ત. સિદ્ધની અવગાહના ચરમ શરીરથી કંઈક ન્યૂન હોય છે. પંદર પ્રકારમાંથી કોઈ એક પ્રકારે સિદ્ધ થાય છે. આઠ કર્મોનો નાશ થવાથી જીવ આઠ મહાગુણને પામી સિદ્ધ થાય છે.

## સિદ્ધ ગતિને પામવા માટેની પાત્રતા નીચે મુજબ છે.

દસ માર્ગણાદ્વાર :
- ત્રસકાયપણું જોવે.
- પંચેન્દ્રિય જોવે.
- સંજ્ઞીપણું જોવે.
- મનુષ્ય જોવે.
- ભવ્ય જોવે.
- અણાહારપણું જોવે.
- ક્ષાયિકભાવ જોવે.
- કેવળદર્શન જોવે.
- કેવળજ્ઞાન જોવે.
- યથાખ્યાત ચારિત્ર જોવે.

jainuniversity.org

પંદર પ્રકારે સિદ્ધ

૧. જિનસિદ્ધ : તીર્થંકર થઈને સિદ્ધ થાય દા.ત. શ્રી અરિહંત પરમાત્મા.

૨. અજિનસિદ્ધ : તીર્થંકર ન થાય. સામાન્ય કેવળી થઈને મોક્ષે જાય ઉદાહરણ – પુંડરિકસ્વામી, ગૌતમસ્વામી વગેરે.

૩. તીર્થસિદ્ધ : તીર્થની સ્થાપના પછી મોક્ષે જાય. ઉદાહરણ : ગણધરાદિ કેવળીઓ વગેરે.

૪. અતીર્થસિદ્ધ : તીર્થની સ્થાપના થયા પહેલાં મોક્ષે જાય. ઉદાહરણ – મરૂદેવા માતા.

૫. ગૃહસ્થલિંગે સિદ્ધ: ગૃહસ્થવેશમાં કેવળજ્ઞાન પામી, સંસારત્યાગ કરી મોક્ષે જાય. ઉદા. ભરત મહારાજા.

૬. અન્યલિંગે સિદ્ધ : તાપસ આદિ અન્ય ધર્મના વેશમા મોક્ષે જાય દા.ત. વલ્કલચીરી વગેરે.

૭. સ્વલિંગે સિદ્ધ : સાધુવેશમાં મોક્ષે જાય ઉદા. જૈન મુનિ.

૮. સ્રીલિંગે સિદ્ધ : સ્રી પર્યાય છતાં મોક્ષે જાય. ઉદા. ચંદનબાળા–રાજમતી વગેરે.

૯. પુરુષલિંગે સિદ્ધ : પુરુષ પર્યાય છતાં મોક્ષે જાય. ઉદા. ગજસુકુમાલ વગેરે.

૧૦. નપુંસકલિંગે સિદ્ધ : શાપને કારણે કે અન્ય રીતે કૃત્રિમ નપુંસક થયેલા ઉદા. ગાંગેય.

૧૧. પ્રત્યેકબુદ્ધ સિદ્ધ: પૂર્વના આરાધનના સંસ્કારે વર્તમાનમાં કોઈ નિમિત્ત ન મળતાં વૈરાગ્ય મુનિ થાય. કેવળી થઈ મોક્ષે જાય ઉદા. કરકંડુ રાજા

૧૨. સ્વયંબુદ્ધ સિદ્ધ : કર્મસ્થિતિ લઘુ થવાથી સ્વયંસ્કુરણા થઈ, વૈરાગ્ય પામી મોક્ષે જાય. ઉદા. કપિલ કેવળી.

૧૩. બુદ્ધબોધિત સિદ્ધ: ગુરુના ઉપદેશથી બોધ પામી, દીક્ષા લઈ મોક્ષે થાય. ઉદા. ભગવાન મહાવીર.

૧૪. એક સિદ્ધ : એક જ સમયમાં એક જ મોક્ષે જાય ઉદા. ભગવાન મહાવીર.

૧૫. અનેક સિદ્ધ : એક સમયમાં એકથી વધુ અનેક સિદ્ધ થાય. ઉદા. શ્રી ઋષભદેવ ભગવાન સાથે ઘણા સિદ્ધ થયા.

આ અવસ્થાઓ મોક્ષે જતા પહેલાની છે. મોક્ષની પાત્રતા અને પ્રાગટ્યનું સાધન એકમાત્ર શુક્લ ધ્યાન છે. અથવા શુદ્ધ ચારિત્ર કે વીતરાગતા છે. જ્ઞાનમય શુદ્ધ ઉપયોગદ્વારા પૂર્ણ વીતરાગતા પ્રગટે ત્યારે જીવ કેવળજ્ઞાન પામી મોક્ષે જાય છે. અહીં વિશેષતા એ છે કે ગૃહસ્થ હોય કે તાપસ હોય પણ જીવ શુદ્ધ ભાવે પરિણમી વીતરાગભાવ પ્રગટ કરે તો જ મોક્ષ પામે. લિંગ એ બાહ્ય અંતિમ અવસ્થા છે. અને ભાવ એ અભ્યંતર અવસ્થા છે. વળી કેવળજ્ઞાન પામી જો આયુષ્ય સ્થિતિ બાકી હોય તો સંસારનો ત્યાગ કરી તે મુનિ થાય પછી જ મોક્ષે જાય.

અહીં ગૃહસ્થ વેશાદિના ઉદાહરણો અપવાદ રૂપ જાણવા. મોક્ષનું સાધન શુક્લ ધ્યાન છે. ગમે તે લિંગે શુક્લ ધ્યાન વગર મોક્ષ પ્રાપ્ત ન થાય. અને મુનિ પણું એ મોક્ષ માટે મહત્વનું ગણાવેલ છે.

jainuniversity.org